જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૪/૧/૨૦૧૫ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી ૫૭ લીટર દેશી દારૂ અને ૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૩ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધાર મુજબ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૯૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૨૬/૧૫**

**શહેરકોટડા :** હિતેષભાઈ પ્રવિણભાઇ બ્રહ્મભટ્ટ (રહે.લવકુશ કુટીર, પ્રવિણ બ્રહ્મભટ્ટ ચોક, ખાનપુર, શાહપુર) એ તા.૩/૧/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા દસ વર્ષથી આજદીન સુધી આરોપી ઉમેશભાઇ ચીમનભાઇ શાહ (રહે.સ્વપ્નીલ એપાર્ટમેન્ટ, મહાવીર સોસાયટી પાસે, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી) એ ખોટી ડી.એચ.એલ.એક્સપ્રેસ નામની કંપની ઉભી કરી, તેના ખોટા બીલો બનાવી ખોટી સહીઓ કરી, બનાવટી દસ્તાવેજો ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી, નરોડા રોડ ઉપર આવેલ અરવિંદ લીમીટેડમાંથી આશરે રૂપીયા ૫,૦૦,૦૦,૦૦૦/-(પાંચ કરોડ) થી વધુ રકમની ઉચાપત કરી અરવિંદ લીમીટેડ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહિલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૭/૧૫**

**મણીનગર :** નિલેષભાઈ જયંતીભાઇ સરવૈયા (રહે.સુંદરવન એપાર્ટમેન્ટ, જયમાલા પાસે, ઇસનપુર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૧/૧૫ રાતના ૯/૦૦ થી તા.૩/૧/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ગોપાલચોક અનંત ઉર્જા કોમ્પલેક્ષમાં આવેલ પોતાની દેવાંશી ફેશન નામની દુકાનના શટરના નકુચા ઇલેક્ટ્રીક વેલ્ડીંગ મશીનથી કાપી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનામાંથી લેડીઝ કપડાં અને લેપટોપ મળી કુલ કિમત રૂપિયા ૧,૯૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**ગોમતીપુર :** ગણેશભાઇ પુજાભાઇ પરમાર (રહે.મુસા સુલેમાનની ચાલી, નહેરુનગર પાર્ક સોસાયટીની બાજુમા, જૈન દેરાસર પાસે, ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૧/૧૫ રાતના ૧૧/30 થી તા.3/૧/૧૫ સવારના ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં લોખંડનાં દરવાજાની સ્ટોપર ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, રૂમમાં માતાજીનાં મંદિર પાસે મુકેલ સ્ટીલનો ડબો કે જેમાં સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રુપીયા ૫૫૦૦૦/- મતા હતી જે ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.પઢીયાર ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૮/૧૫</u>**

**ઓઢવઃ** દિનેશભાઇ ગમાજી ચૌહાણ (ઉ.વ.૩૫)(રહે.ગામઃ ગતરાળ, માસ્ટરનો કુવો, તા.દસ્ક્રોઇ, ઓઢવ) તા.૨૪/૧૨/૧૪ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે સિંગરવા ગામ પાછળ પોતાનું મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા. ત્યારે કાર નંબર જીજે.૦૧.એચ.આર.૨૭૪૭ નાં ચાલકે પોતાની કાર બેદરકારીથી અને પુરઝડપે ચલાવી દિનેશભાઇનાં મોટર સાયકલને ટક્કર મારતા દિનેશભાઇને શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ, જ્યાં સારવાર દરમ્યાન તા.૩/૧/૧૫ નાં કલાક ૦૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર દિનેશભાઇના ભાઇ જગદીશભાઇ ચૌહાણે તા.૩/૧/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**<u>ખાડામાં પડી જતાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૨૯/૧૫</u>**

**મેઘાણીનગર :** ગોપીભાઇ કલ્લુમલ શાકરૂ (ઉ.વ.૪૫)(રહે.સૈજપુર ટાવર ફદેલી, તકલેશ્વર મહાદેવ મંદિર પાસે, સૈજપુર) તા.૨/૧/૧૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે કુબેરનગર બંગલો એરીયા, કિશોર સ્કુલ પાસે, ગરનાળા પાસે ચાલતાં ખોદકામનાં ખાડામાં આકસ્મીક રીતે પડી જતાં, પાણી પી જતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સબુરભાઈ માલાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.